# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- RAKSHABANDHAN

આજે ભાઇ બહેનના અપાર અને નિઃસ્વાર્થ સ્નેહનુ પર્વ રક્ષાબંધન ઉત્સાહ અને ઉમંગ અને આદરભાવ સાથે ઉજવાઇ રહ્યું છે. ગાંધીનગરમાં રક્ષાબંધન પર્વની મુખ્યમંત્રી નિવાસ સ્થાને ઉજવણી કરવામાં આવી હતી.. ભાજપની મહિલા મોરચાની બહેનોએ મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચીને મુખ્યમંત્રીને રક્ષાસૂત્ર બાંધ્યું હતું.

આ અવસરે અમદાવાદની સાધના વિનય મંદિર શાળાના બાળકોએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોક લખેલી ૧૪૦ ફૂટની વિશાળ રાખડી મુખ્યમંત્રીને અર્પણ કરી હતી.

# RAKSHABANDHAN OVERALL

તાપીમાં પોલીસ વિભાગે રક્ષાબંધન નિમિત્તે હેલ્મેટ જાગૃતિનો અનોખો પ્રયાસ હાથ ધર્યો હતો.. ઉકાઈ પોલીસ મથકના પીઆઈ સહિત મહિલા પોલીસ સ્ટાફ દ્વારા હેલ્મેટ વગર વાહન ચલાવનારાઓને અટકાવી રાખડી બાંધી આદરપૂર્વક હેલ્મેટ પહેરી વાહન ચલાવવા માટે સમજાવાયા હતા..

જ્યારે દીવ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા કિલ્લામાં રક્ષાબંધનની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી.. બહેનોએ ભાઇઓને વ્યસન મુક્ત થવા સંકલ્પ લેવડાવ્યો હતો અને સીઆઇએસએફના જવાનોને રાખડી બાંધી ત્રણ મિનિટ ધ્યાન કરાવીને રક્ષા બાંધી હતી.. સુરતની લાજપોર જેલમાં પણ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.. બહેનોએ બંદીવાન ભાઇઓને જ્યારે રાખડી બાંધી ત્યારે ભાવસભર દ્રશ્યો સર્જાયા હતા..

# BHUDEV- JANOI

આજે શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે નવા યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો.. સવારથી જ વિવિધ

બ્રાહ્મણ સંગઠનો દ્વારા નદી કિનારા અને મંદિરોમાં નવુ યજ્ઞોપવિત ધારણ કરાયું હતું.. ગાયત્રી મંત્ર અને વૈદિક મંત્રોના ઉચ્ચારણ સાથે પરંપરાગત રીતે આ કાર્યક્રમ યોજાયા હતા.

આ ઉપરાંત આજના દિવસે દરિયાદેવની પણ પૂજા કરવાની પરંપરા છે. સાગરખેડૂઓ દ્વારા શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે વલસાડ, નવસારી, દિવ દમણ અને સૌરાષ્ટ્રના દરિયાકિનારા ઉપર દરિયાદેવનું પરંપરાગત રીતે પૂજન કર્યું હતું..

# POONAM- MANDIR DARSHAN

આજે શ્રાવણનો ત્રીજો સોમવાર અને શ્રાવણી પૂર્ણિમાના તહેવારનો સુભગ સમન્વય થતાં સોમનાથ તીર્થમાં ભાવિકોનો મહાસાગર ઉમટી રહ્યો છે. આજે વહેલી સવારે ચાર વાગે ભક્તો માટે મંદિરના દ્વાર ખુલ્લા મૂકવામાં આવ્યા છે. ભાવિકોએ સોમનાથ દાદાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાલખીયાત્રા કાઢવામાં આવી હતી.

સોમનાથ ટ્રસ્ટના ચેરમેન પ્રવીણ લહેરીએ વધુમાં આ મુજબ જણાવ્યું...

## (બાઈટ- પ્રવિણ લહેરી)

દરમિયાન, યાત્રાધામ દ્વારકામાં પણ આજે ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા છે. અહીંનાં પવિત્ર ગોમતી ઘાટ પર ભૂદેવોએ સ્નાન કર્યા બાદ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞોપવિત બદલી હતી.

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે પણ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સવારથી જ ભક્તોએ શામળિયાને રાખડી બાંધી હતી. દીવ દમણના વહીવટકર્તા પ્રફુલ પટેલે પણ શામળાજીનાં દર્શન ક્યા હતા.

આ સાથે આજે 43 દિવસથી ચાલતી અમરનાથ યાત્રાની પૂર્ણાહૂતિ થઇ છે.. સત્તાવાર આંકડા પ્રમાણે, આ વર્ષે અત્યાર સુધીમાં સૌથી વધુ પાંચ લાખથી વધારે શ્રધ્ધાળુઓએ પવિત્ર મંદિરના દર્શન કર્યા છે.

# UKAI DAM UPDATE

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન તાપીનો ઉકાઇ ડેમ 80 ટકા કરતાં વધુ ભરાયો છે.

ડેમના ઉપરવાસમાંથી 17 હજાર ક્યુસેકથી વધુ પાણી આવી રહ્યું છે,જેને પગલે ડેમની સપાટી **334.80** ફૂટ પર પહોંચી છે.. આજે પાણીનો આવરો **17** હજાર **286** ક્યુસેક છે. તેટલું જ પાણી ડેમના હાઇડ્રો પાવર અને નહેર વાટે છોડાઈ ડેમના રુલ લેવલ જાળવવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, હાલ ડેમના તમામ દરવાજાઓ બંધ કરાયા છે..

# CHANDIPURA CASES

રાજ્યમાં ચાંદીપુરાના અત્યાર સુધીમાં શંકાસ્પદ 164 કેસ નોંધાયા છે. આમાંથી સૌથી વધારે 16–16 કેસ સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લામાં હોવાના અહેવાલ છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ, આ તમામ કેસ પૈકી સૌથી વધુ ચાંદીપુરાના સાત પોઝિટિવ કેસ પંચમહાલ જિલ્લામાં નોંધાયા છે. આમ પોઝિટિવ કેસની કુલ સંખ્યા 61એ પહોંચી છે. જ્યારે 73 દર્દીના મોત નીપજ્યા છે.

# GUJARAT TEACHERS AWARD

રાજ્ય સરકાર 28 શિક્ષકને “શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ 2024”થી સન્માનિત કરશે એમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ યોજના અંતર્ગત આ વર્ષે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગનાં ત્રણ એચ ટાટ એટલે કે, મુખ્યશિક્ષક, પ્રાથમિક વિભાગના 14 શિક્ષક, માધ્યમિક

શિક્ષણ વિભાગના 6, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના 4 આચાર્ય તેમ જ એક BRC સહ-સંયોજક એમ મળીને કુલ 28 શિક્ષકને ‘શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડથી સન્માનિત કરાશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ આપવાની યોજના વર્ષ 2022થી અમલી બનાવવામાં આવી છે.